**ગુજરાત સરકાર**

**ઠરાવ ક્રમાંક : ઈજીવી/૧૦૨૦૨૧/૨૦૨૪/આઈ.ટી./રજીસ્ટ્રી.**

**આદિજાતિ વિકાસ વિભાગ,**

**સચિવાલય, ગાંધીનગર.**

તા.૧૮/૦૨/૨૦૨૨

**<u>પ્રસ્તાવના :</u>**

આદિજાતિ વિકાસ વિભાગના નિયંત્રણ હેઠળની પ્રભાગો દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને સેવાઓ અમલમાં છે. આ યોજનાઓ અને સેવાઓના અમલીકરણ માટે એક સુનિશ્ચિત વ્યવસ્થાતંત્ર તાલુકા સ્તરે તથા જિલ્લા સ્તરે અમલમાં છે. આવી યોજનાઓ/સેવાઓનો લાભ તાલુકા અને જિલ્લા મથકેથી અરજદારોને મળી રહે છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓને તાલુકા અથવા જિલ્લા કક્ષાની કચેરીઓ સુધી આવવું પડે છે. જેથી કયારેક તેમની દૈનિક રોજગારી ઉપર વિપરીત અસર પડે છે. ઉપરાંત, જવા-આવવા માટે સમયનો વ્યય તથા પરિવહન ખર્ચનો વધારાનો બોજો પણ ઉભો થાય છે. બીજી તરફ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ગ્રામ પંચાયતોની કામગીરીને ઇન્ફર્મેશન ટેકનોલોજીના માધ્યમથી અધતન અને લોકપયોગી બનાવવા માટે ઇ-ગ્રામ યોજના વર્ષ ૨૦૦૭-૨૦૦૮ થી અમલમાં મુકવામાં આવેલ છે અને ઇ-ગ્રામ કેન્દ્રો મારફત રાજ્ય સરકારની વિવિધ ઇ-સેવાઓ પણ અમલમાં છે. રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાની વ્યક્તિલક્ષી રજૂઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે ડીજીટલ ગુજરાત અંતર્ગત ડીજીટલ સેવા સેતુ કાર્યક્રમ પણ અમલમાં છે.

આથી, ગ્રામ્ય વિસ્તારના લોકોને અમુક પ્રમાણપત્રો તેમના ગામમાંથી જ ત્વરિત રીતે મળી રહે, યોજનાઓનો લાભ પણ તેમના ગામમાંથી જ મળી રહે અને તેઓને બિન જરૂરી હાલાકી ભોગવવી ન પડે અને જન સામાન્યની **"જીવન જીવવાની સરળતા" (Ease of Living)** નો રાજય સરકારનો ઉમદા હેતુ બર આવે તે હેતુથી આ વિભાગની યોજનાઓ/સેવાઓ પણ ડીજીટલ ગુજરાત હેઠળ ડીજીટલ સેવા સેતુ અંતર્ગત **"ઇ ગ્રામ કેન્દ્રો"** મારફત આપવામાં આવે તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ :</u>**

વિચારણાના અંતે નીચે મુજબની યોજનાઓ/સેવાઓ ડીજીટલ ગુજરાત પોટર્લ ઉપરથી ડીજીટલ સેવા સેતુ અંતર્ગત **"ઇ-ગ્રામ કેન્દ્રો"** મારફત આપવામાં આવે તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આથી ઠરાવવામાં આવે છે.

## ૧. નિયામકશ્રી આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગર હસ્તકની યોજનાઓ/સેવાઓ.

| No. | Post-matric Scholarship Name. |
|---|---|
| 1. | Tablet Assistance to ST Students. |
| 2. | Private Tuition Coaching Assistance to ST students (Std:11-12) |
| 3. | Umbrella Scheme for Education of ST Students post-Matric Scholarship. (Freeship Card / Medical Loan Student Only) |
| 4. | Post-Matric Scholarship for girls. (Having annual family income more than 2.50 Lac) (Freeship Card / Medical Loan Student Only) |
| 5. | VKY-157 Food Bill Assistance in college Attached Hostels. |
| 6. | VKY 164 Instrumental Assistance for First Year Students of Medical, Engineering, Diploma Courses. |
| 7. | VKY 158 Swami Vivekanand Stipend Scheme for ITI Courses. (diploma technical Professional and industrial courses) |
| 8. | VKY 156 Post Matric Scholarship for ST Girls Students having annual family income more than 2.50 Lakh. |
| 9. | Umbrella Scheme for Education of ST students Post-Matric Scholarship. |

## ૨. ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, ગાંધીનગર હસ્તકની યોજનાઓ/સેવાઓ.

| | | |
|---|---|---|
| 1. | કૃષિ વૈવિધ્યકરણ યોજના. | Agriculture Diversification Project. |
| 2. | ફળાઉ ઝાડના રોપાઓનું વિતરણ યોજના. | Fruit Plant Distribution Project. |
| 3. | મંડપ બનાવવા (વર્ટીકલ ક્રોપીંગ) માટે સાધન સહાય યોજના. | Assistance For Vertical Cropping System. |
| 4. | ટીસ્યુ કલ્ચર બનાના યોજના. | Tissue Culture Banana Project. |
| 5. | સંકલીત ડેરી વિકાસ યોજના. | Integrated Dairy Development Project. |
| 6. | ધોરણ – 11, 12 વિજ્ઞાન પ્રવાહના વિધ્યાર્થીઓને મેડિકલ અને એજીનિયરીંગ પ્રવેશ પરીક્ષા માટે (JEE-NEET) કોચિંગ યોજના. | Coaching Scheme for Medical and Engineering Entrance Examination (JEE-NEET) for Std-11, 12 Science |
| 7. | જી.પી.એસ.સી.પ્રવેશ કોચિંગ યોજના. | G.P.S.C. Entrance Coaching Project. |
| 8. | ઉચ્ચ ગુણવત્તાયુક્ત કૌશલ્ય વર્ધક તાલીમ યોજના. | High - End Skill Training Project. |
| 9. | વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રો. (પીપીપી મોડેલ) | Vocation Training Center. (PPP Model) |

આદિજાતિના લાભાર્થીઓ / વિધાર્થીઓને ઉપર મુજબની સેવાઓ સેવા દીઠ **રૂ.૨૦/- (અંકે રૂપિયા વીસ પુરા)** લેખે પૂરી પાડવામાં આવશે. **ગ્રામ કોમ્પ્યુટર સાહસિક VCE** દ્વારા વસુલ કરવામાં આવનાર **રૂ.૨૦/-** ની આંતરિક વહેંચણી નીચેના કોષ્ટક મુજબ કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| ૧. | ગ્રામ કોમ્પ્યુટર સાહસિક VCE ની સ્વનિર્ભરતા માટેની રકમ | રૂપિયા ૧૬/- |
| ૨. | સંબંધિત ગ્રામ પંચાયતને મળનાર રકમ | રૂપિયા ૦૪/- |
| | | **રૂપિયા ૨૦/-** |

વધુમાં, નિર્ધારિત કરેલ સેવાઓ પૈકી જે સેવામાં અરજદાર ટપાલ મારફતે પ્રમાણપત્ર મેળવવા ઇચ્છતા હોય તો પોસ્ટેજ ખર્ચની ખરેખર રકમ ઉપરોક્ત રૂ.૨૦/- ઉપરાંત ઇ-ગ્રામ કેન્દ્ર ખાતે જમા કરવાવાની રહેશે.

ઇ-ગ્રામ કેન્દ્રો ખાતેથી આ સેવા ઉપલબ્ધ હોવા ઉપરાંત અરજદાર તાલુકા પંચાયત કચેરી, મામલતદાર કચેરી, જન સેવા કેન્દ્રો કે એટીવીટી કેન્દ્રો ખાતેથી સીધી જ આવી સેવાઓ મેળવવા ઇચ્છતા હોય તો તે માટે જે તે સત્તાધિકારી ઇન્કાર કરી શકશે નહીં. આ પધ્ધતિ ગ્રામ્ય સ્તરે વસતા અરજદારોની હાલાકી દૂર કરવા માટે અખત્યાર કરવામાં આવેલ છે. છતાં, તાકીદના સંજોગોમાં અરજદાર આ સેવાનો લાભ કોઇપણ સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવી શકે છે. સદર બાબતે સબંધિત યોજનાઓના વખતોવખતના ઠરાવો, સૂચનાઓ તથા પરિપત્રો યથાવત રહેશે. તેમાં આ પધ્ધતિ અપનાવવાથી કોઇ બાધ આવતો નથી.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર, વિજ્ઞાન અને પ્રાદ્યોગિક વિભાગની તા.૧૮/૧૦/૨૦૨૧ અને તા.૦૮/૧૨/૨૦૨૧ની તથા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની તા.૧૭/૦૨/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(દીપ પટેલ)**
**સેકશન અધિકારી**
**આદિજાતિ વિકાસ વિભાગ**

**<u>નકલ રવાના :</u>**

૧. માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

૨. માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૩. માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

૪. માન. મંત્રીશ્રી (આ.વિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૫. માન. રા.ક. મંત્રીશ્રી (આ.વિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૬. તમામ મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગાંધીનગર.

૭. અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. **(જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ.)**

૮. અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત વિભાગ સચિવાલય, ગાંધીનગર. **(જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરિપત્રત કરવાની વિનંતી સહ.)**

૯. અધિક મુખ્ય સચિવશ્રી, અગ્ર સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલયના તમામ વિભાગો.

૧૦. વિભાગના તમામ અધિક સચિવશ્રી, સંયુકત સચિવશ્રી, નાયબ સચિવશ્રી, ઉપસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૧૧. માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય. **(આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.)**

૧૨. નિયામકશ્રી, નિયામકશ્રી (આ.વિ.) ની કચેરી, બિરસામુંડા ભવન, સેકટર ૧૦/એ, ગાંધીનગર. **(તાબાના સક્ષમ અધિકારીને પરિપત્રિત કરવાની વિનંતી સહ)**

**૧૩.** ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, બિરસામુંડા ભવન, સેકટર ૧૦/એ, ગાંધીનગર.

૧૪. તમામ જિલ્લા કલેકટરશ્રી **(તાબાના સક્ષમ અધિકારીને પરિપત્રિત કરવાની વિનંતી સહ)**

૧૫. તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી **(તાબાને અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ).**

૧૬. વિભાગ હેઠળના તમામ જિલ્લા અધિકારીઓ **(સબંધિત નિયામકશ્રી મારફત)**

૧૭. સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. **(વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાના હેતુસર.)**

૧૮. National Informatics Centre, બ્લોક નં. ૧૩, ૨ જો માળ, સચિવાલય, ગાંધીનગર **(જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારૂ.)**

૧૯. શાખા સિલેક્ટ ફાઈલ.